નિયામકશ્રી(સ.સુ.) હસ્તકની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓની કામગીરી માટે જીપ વાહન ભાડે રાખવાની માસિક ૨૦૦૦ કિ.મી.ની મર્યાદા વધારીને માસિક ૨૫૦૦ કિ.મી. કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૭૭૯૦૯/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૧/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૪/૦૬/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૩/૮૦૪૮૦૨/ન.બા.૪/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૨૨/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક:- સસુખા/વલભ/જીપભાડા મંજૂરી/૧૯-૨૦/૬૮૭

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૧૭/૦૭/૨૦૧૯નો પત્ર ક્રમાંક:- સસુખા/વલભ/જીપભાડા મંજૂરી/૧૯-૨૦/૬૨૯

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૨૨/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક:- સસુખા/વલભ/જીપભાડા મંજૂરી/૧૯-૨૦/૧૨૪૮

**પ્રસ્તાવના :-**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપર વંચાણે લીધેલા ક્રમાંક:-(૧) પરના તા.૨૪/૦૬/૨૦૧૪ના ઠરાવથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓની કામગીરી માટે જીપ વાહન ભાડે રાખવાની માસિક ૨૦૦૦ કિ.મી.ની મર્યાદામાં અને કિલોમીટર દીઠ રૂ.૮.૦૦ ભાવ મર્યાદામાં ભાડે રાખવા સંમતિ આપવામાં આવી હતી.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના ઉપર વંચાણે લીધેલા ક્રમાંક:-(૨) પરના તા.૨૨/૦૫/૨૦૧૯ના પત્રથી સદરહુ બાબતે માસિક ૨૦૦૦ કિ.મી.ની મર્યાદા વધારીને ૪૦૦૦ કિ.મી.ની કરી તે મુજબ વાર્ષિક કિ.મી.ની જોગવાઇ કરવાની તથા પ્રતિ કિલોમીટર રૂ.૮.૦૦ની જગ્યાએ રૂ.૧૨.૦૦ લેખે ખર્ચ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી(સ.સુ.) હસ્તકની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓની કામગીરી માટે જીપ વાહન ભાડે રાખવાની માસિક ૨૦૦૦ કિ.મી.ની મર્યાદા વધારીને માસિક ૨૫૦૦ કિ.મી. કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. પરંતુ ગરીબ કલ્યાણમેળા અન્ય સમારંભો કે અગત્યની કમગીરી માટે અતિ કરકસરપૂર્વક વાહનનો ઉપયોગ કરવાનો રહેશે અને તેમ છતાં ખર્ચ વધે તો વધારાના કિલોમીટરની ખાસ કિસ્સા તરીકેની મંજૂરી વિભાગના સચિવશ્રીની મેળવવાની રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૩/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી.સી.પટેલ )
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર )
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર)
- સિલેક્ટ ફાઈલ